તાપમાન
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૪૧ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૩૬ | ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૬, બુધવાર ; મહા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- દેશ વિરોધી પ્રવૃત્તિને ચલાવી નહીં જ લેવાય : કેજરીવાલ
- જેએનયુ દેશદ્રોહ મામલે એનઆઈએ તપાસની માંગને ફગાવાઈ
- હવે ૪૦ કરોડ લોકોને હેલ્થ કવર આપવા મોદી સરકાર તૈયાર
- આધુનિક પૃથ્વી-૨ મિસાઈલનું પુનઃ સફળ પરિક્ષણ
- ૭ દુષ્કાળગ્રસ્ત રાજ્યો માટે ૪૦૦૦ કરોડ મંજુર
- આવકવેરા મુક્તિ મર્યાદાને ચાર લાખ કરવા માટે માંગ
- ભારત આવી રહેલા વિદેશી વિદ્યાર્થીની સંખ્યામાં વધારો
- ભારતનો સૌથી સસ્તો સ્માર્ટ ફોન આજે લોંચ
- સલમાન મામલે સીબીઆઇ તપાસની માંગણીને ફગાવાઇ

# પીએફ વ્યાજ દર ૮.૮ ટકા કરાયો

**૮.૭૫ ટકાથી વધારીને વ્યાજદર ૮.૮ ટકા થતાં પાંચ કરોડને ફાયદો : અતિમહત્વપૂર્ણ બેઠકમાં નિર્ણય લેવાયો**

**ઇપીએફઓ દ્વારા વ્યાપક વિચારણા ટ્રેડ યુનિયનોની ૮.૯૦ ટકા વ્યાજદર કરવાની માંગણી સરકારે ફગાવી દીધી**

નવી દિલ્હી,તા. ૧૬

રિટાયર્ડમેન્ટ ફંડ બોડી ઈપીએફઓએ પીએફ થાપણ પર વ્યાજદર વધારીને ૮.૮ ટકા કરવાની આજે જાહેરાત કરી હતી. જે અગાઉના બે નાણાંકીય વર્ષમાં આપવામાં આવેલા ૮.૭૫ ટકાના વ્યાજદરની સરખામણીમાં વધારે છે. આનાથી પાંચ કરોડથી વધુ લોકોને સીધો ફાયદો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ)ની ફાઈનાન્સ ઓડિટ એન્ડ ઈન્વેસ્ટેમેન્ટ કમિટિએ હાલમાં જ વર્તમાન નાણાંકીય વર્ષ માટે પીએફ થાપણ ઉપર ૮.૯૫ ટકા વ્યાજદરની ભલામણ કરી હતી. ઈપીએફઓ ફોર્મલ સેક્ટર વર્કરોના મૂડીરોકાણ પર મેળવવામાં આવતી આવક ઉપર વ્યાજદરની ચુકવણી કરે છે. કેન્દ્ર સરકાર પાસેથી કોઈ સહાયતા મેળવવામાં આવતી નથી. ૮.૮ ટકા વ્યાજદર આપવાના નિર્ણયથી મોટી રાહત થઈ છે. ૮.૯૦ ટકા વ્યાજદર કરવાની માંગ કરવામાં આવી હતી. શ્રમ પ્રધાન બંદારુ દત્તાત્રેયે આજે કહ્યું હતું કે, આ વધારો વચગાળાનો છે. તેમણે એવો સંકેત આપ્યો હતો કે, મોડેથી આમા વધુ સુધારો થઈ શકે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, હાલમાં વૈશ્વિક મંદી પ્રવર્તી રહી છે. ભારતમાં વ્યાજદર પણ ઘટાડવામાં આવી રહ્યા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને અન્ય કેન્દ્ર સરકારની સંસ્થાઓ દ્વારા માર્કેટ પ્રવાહ ઉપર નજર રાખવામાં આવી રહી છે. ઈપીએફઓની સીબીટીની ૨૧૧મી બેઠકનું નેતૃત્વ કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, અમે છેલ્લે ૮.૭૫ ટકા વ્યાજ આપી રહ્યા હતા. આ વખતે પરિસ્થિતિને ધ્યાનમાં લઈને વર્કરો માટે ૮.૮ ટકા વ્યાજદરની જાહેરાત કરી રહ્યા છીએ.

# જેએનયુ વિખવાદનો સુત્રધાર ઉમર ખાલિદ છે : કનૈયાકુમાર

**૧૦ કાશ્મીરી યુવાનોએ સાથે મળીને યોજના બનાવી હતી : જેએનયુમાં કાર્યક્રમની રૂપરેખા ઘડનાર ખાલિદ સાતમી ફેબ્રુઆરીએ ૧૦ કાશ્મીરી આવ્યા હતા**



નવી દિલ્હી,તા. ૧૬

સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરુને ફાંસીના વિરોધમાં જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં યોજાયેલા કાર્યક્રમની રુપરેખા ઉંમર ખાલિદ નામના શખ્સે તૈયાર કરી હતી. ઉંમર ખાલિદ જેએનયુ વિવાદનો મુખ્ય સૂત્રધાર છે. કાશ્મીરી યુવાનો સાથે મળીને આ કાર્યક્રમ તૈયાર કરાયો હતો. આ ખુલાસો પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલા જેએનયુ વિદ્યાર્થી યુનિયનના લીડર કનૈયાકુમારે કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ભારત-પાકની વચ્ચે સચિવ સ્તરની ટૂંકમાં વાતચીત

**મંત્રણાની તારીખને લઇને હજુ સસ્પેન્સ : ત્રાસવાદી હુમલા બાદ ભારતે નક્કર પુરાવા આપ્યા હોવા છતાં પાકિસ્તાને કાર્યવાહી નહી કરી છતાં વાતચીત યોજાશે**

નવી દિલ્હી,તા. ૧૬

ભારત અને પાકિસ્તાન વચ્ચે અટવાઈ પડેલી વિદેશ સચિવ સ્તરની વાતચીત ટુંક સમયમાં યોજાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પાકિસ્તાનમાં ભારતીય હાઈ કમીશનર ગૌતમ બંબાવાલે માહિતી આપતા કહ્યુ છે કે વિદેશ સચિવ સ્તરની વાતચીત પઠાણકોટમાં કરાયેલા હુમલા પર આધારિત ન હતી.

પઠાણકોટમાં ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ ભારત દ્વારા પુરા પાડવામાં આવેલા નક્કર પુરાવા છતા પાકિસ્તાને અસરકારક પગલા ત્રાસવાદીઓ સામે લીધા નથી. એવા અહેવાલ વચ્ચે આ નિવેદન આવ્યુ છે. ભારતીય નેતાઓ વારંવાર કહી રહ્યા છે કે પાકિસ્તાને આ હુમલા મામલે પુરતી તપાસ કરી નથી.



ભારતીય નેતૃત્વ માને છે કે પાકિસ્તાનની સાથે વાતચીત મોકુફ રાખવા માટેના કારણ પાકિસ્તાન દ્વારા ત્રાસવાદ મામલે ઉદાસીન વલણ છે. પાકિસ્તાને પઠાણકોટ મામલે ઉંડી તપાસ અને સંતોષજનક તપાસ ન કરી હોવા છતાં વાતચીતની શક્યતા દેખાઈ રહી છે.

# મુંબઈમાં મેક ઈન ઈન્ડિયા વીકની ઉજવણીમાં આનંદીબેન છવાયા

**ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપિત કરવા શ્રેષ્ઠ તકો છે : ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવા સ્ટાર્ટઅપ મિશન હશે : ઘરે ઘરે કુટિર ઉદ્યોગ વિકસાવાશે : આનંદીબેન**



અમદાવાદ, તા.૧૬

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મેઈક ઈન ઈન્ડિયા સંકલ્પના પાર પાડવા ગુજરાત સંપૂર્ણ પ્રતિબધ્ધ હોવાનો વિશ્વાસ દર્શાવ્યો છે. આનંદીબેન મુંબઈમાં યોજાઈ રહેલા મેઈક ઈન ઈન્ડીયા વીકમાં આજે ગુજરાત સેશનમાં ઉપસ્થિત ઊદ્યોગકારો પૂંજીનિવેશકો સમક્ષ પ્રભાવક સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે, ઔદ્યોગિક મૈત્રીપૂર્ણ નિતીઓના સુચારૂ અલમથી ગુજરાત ગ્લોબલ ગેટ વે ઓફ ઈન્ડિયા બની ગયું છે. ગુજરાતમાં ઊદ્યોગ સંસ્થાપન માટે ઊદાર નિતીઓની શ્રેષ્ઠત્તમ તકો છે તેમ તેમણે ઉમેર્યુ હતું. રોકકારીની શ્રેષ્ઠ પસંદ બની રહેલા ગુજરાતમાં પૂંજીનિવેશને ઈન્સ્ટીટયુશનલાઈઝડ સ્વરૂપ આપવા વિશ્વમાં પાંચ શહેરો ફ્રેન્ક ફૂર્ટ, દુબઈ, ન્યુયોર્ક, ગ્વાંગઝો અને ટોકિયોમાં ફોરેન ડેસ્ક શરૂ કરવાની નેમ તેમણે દર્શાવી હતી. મુખ્યમંત્રીએ રાજયમાં ઊદ્યોગ ગૃહોને જરૂરી પરવાનગીઓ મંજુરીઓ સરળતાએ એકજ સ્થળેથી ઉપલબ્ધ કરાવવાના હેતુથી સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ કરવામાં આવી છે તેની વિશાદ ભુમિકા આપી હતી. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, વાયબ્રન્ટ સમિટમાં થયેલા વિવિધ સમજુતિ કરારો એમ ઓયુના અમલીકરણ પ્રગતિ માટે મુખ્યમંત્રીની નિગરાનીમાં ઉચ્ચસ્તરીય કમિટી કાર્યરત છે. આનંદીબેન ગુજરાતે તાજેતરમાં જાહેર કરેલી ઈલેક્ટ્રોનીકસ પોલીસી આઈ ટી પોલિસી, કુટિર ઊદ્યોગ નિતી, ટેક્ષટાઈલ પોલિસી પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રી પોલિસી અને ટુરિઝમ પોલિસીના પ્રોત્સાહનોની વિશેષતાઓ વર્ણવી હતી. તેમણે ઉમેર્યુ કે, હવે ગુજરાત મેગા ઈન્ડસ્ટ્રી ઈન્સેટીવ પોલિસી એમએસએમઈ માટેની પોલિસી અગ્રે ફુડ પોલિસી અને ડિફેન્સ મેન્યુફેકચરીંગ પોલિસી નજીકના ભવિષ્યમાં જાહેર કરવાનું છે.

# વાહન વ્યવહાર મંત્રી વિજય રૂપાણીની તાજપોશીની તૈયારીઓ

અમદાવાદ, તા.૧૬

ભાજપના નવા પ્રદેશ પ્રમુખની નિમણૂંકની જાહેરાત ૧૯મીએ કરવામાં આવશે. પ્રમુખપદે વિજય રુપાણીની

**ભાજપ નવા પ્રદેશ પ્રમુખની ૧૯મીએ જાહેરાત : નિરીક્ષક મેઘવાલ ૧૮મી તારીખે આવશે**

તાજપોશીની તડામાર તૈયારીઓ ચાલી હોવાના અહેવાલ મળ્યા છે. નવા પ્રદેશ પ્રમુખની નિયુક્તિના મુદ્દે ચૂંટણી થાય તે દિશામાં તૈયારીઓનો ધમધમાટ પ્રદેશ કક્ષાએ શરૂ થઈ ગયો છે. મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહ વચ્ચેની ખેંચતાણના કારણે ગુજરાતમાં ભાજપના પ્રદેશ પ્રમુખનો સમગ્ર મામલો વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ મુકાયો છે. તાજેતરમાં દિલ્હી ખાતે યોજાયેલી મિટિંગમાં નવા પ્રદેશ પ્રમુખ તરીકે પાણી પુરવઠા અને વાહન વ્યવહાર વિભાગના કેબિનેટ પ્રધાન વિજયભાઈ રૂપાણી, શિક્ષણ વિભાગના કેબિનેટ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પુરુષોત્તમ રૂપાલા અને કૌશિકભાઈ પટેલના નામોનું લિસ્ટ વડાપ્રધાન સમક્ષ રજુ કરવામાં આવ્યું છે. રજુ કરાયેલા ચાર નામ પૈકી જો કોઈ એકની પસંદગી થાય તો વિજયભાઈ રૂપાણીની સંભાવના અત્યંત વધી જાય છે.

## પ્રદેશ ભાજપ પ્રમુખની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર

અમદાવાદ,તા. ૧૬

પ્રદેશ સંરચના અધિકારી અને પ્રદેશ મહામંત્રી કેસી પટેલ અને પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ પ્રદેશ ભાજપના અધ્યક્ષની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરતા જણાવ્યું હતું કે, આગામી ૧૯મી ફેબ્રુઆરી શુક્રવારના રોજ રાષ્ટ્રીય અને પ્રદેશ આગેવાનોની ઉપસ્થિતિમાં સમગ્ર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. કાર્યક્રમની વિગતો આપતા તેઓએ જણાવ્યું હતું કે, આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં ૧૯મી ફેબ્રુઆરી ૨૦૧૬ના શુક્રવારના રોજ સવારે ૧૧થી ૧૨ કલાક દરમિયાન નામાંકન પત્ર, બપોરે ૧૨થી ૧૨.૨૦ દરમિયાન ચકાસણી કરી સંરચના પ્રક્રિયા હાથ ઘરી ચૂંટાયેલા પ્રદેશ અધ્યક્ષની ઘોષણા કરવામાં આવશે. પ્રદેશ અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયામાં રાજ્યના જિલ્લા/મહાનગરના સંગઠનના પ્રમુખો વિધાનસભા પક્ષો ધારાસભ્યો, સાંસદો અને પ્રાદેશિક પ્રતિનિધિઓ ભાગ લેશે. કુલ ૧૩૫ મતદાર મંડળ છે.


## શત્ શત્ વંદન



નયા ગુજરાતના શિલ્પી
સ્વ. શ્રી ચીમનભાઈ પટેલની
૨૨મી પૂણ્યતિથિએ શત્ શત્ વંદન
નરેન્દ્રભાઈ એમ. શાહ
(વાઈસ ચેરમેન, ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક)
ચેરમેન, પેન્શનર સેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેલ, અમદાવાદ

પ્રાર્થના સભા
તા. ૧૭-૨-૨૦૧૬, બુધવાર
સવારે ૮-૩૦ થી ૯-૩૦ કલાકે
નર્મદા ઘાટ, ગાંધીનગર













હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્ક્વેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82